# ગાંધીનગરમાં દિવ્યાંગો માટેની નૅશનલ ગેમ્સનો પ્રારંભ






ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય તથા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારતના ઉપક્રમે ગાંધીનગરમાં દિવ્યાંગો માટેની નૅશનલ ગેમ્સનો મંગળવારે પ્રારંભ કરવામાં આવ્યો.

સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ગુજરાતના યજમાનપદે યોજાઈ રહેલી આ નૅશનલ ગેમ્સને પંડિત દિનદયાળ પૅટ્રોલિયમ યુનિવર્સિટી (પીડીપીયુ) દ્વારા સૌજન્ય પૂરું પાડવામાં આવ્યું છે. પીડીપીયુ ખાતે મંગળવારે સાંજે આયોજિત આ નૅશનલ ગેમ્સનો ઉદ્‌ઘાટન સમારોહ લાંબી પરિચયવિધિને કારણે કંટાળાજનક પરંતુ મનોહર આતશબાજી અને દિવ્યાંગ ડાન્સર કમલેશ પટેલના ધમાકેદાર પરફૉર્મન્સને કારણે યાદગાર બની રહ્યો. મંગળવારે સાંજે ઉદ્‌ઘાટન સમારોહ બાદ બુધવારથી પીડીપીયુ, સાઈ-ગાંધીનગર અને ડીએઆઈઆઈસીટી ગ્રાઉન્ડ ખાતે વિવિધ સ્પર્ધાઓનો પ્રારંભ પણ કરી દેવામાં આવ્યો હતો. આ નૅશનલ ગેમ્સ ૧૦ જૂન સુધી કાયમ રહેશે. ૧૯ રાજ્યોમાંથી આવેલા ૬૨૪ દિવ્યાંગ ખેલાડીઓ ઉપરાંત એમના વિશિષ્ટ પ્રશિક્ષકો, કોચ મળીને ૯૫૦થી પણ વધુ મહેમાનો હાલ ગાંધીનગર, ગુજરાતની મહેમાનગતિ માણી રહ્યા છે. અલબત્ત, દેશભરમાંથી આવેલા આ વિશિષ્ટ ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે કોઈ ખેલપ્રેમી કે સામાન્ય નાગરિક ઉપસ્થિત નથી એ દુઃખની વાત છે.

આપણે જો વિશિષ્ટ ખેલાડીઓને આપણી સમકક્ષ ગણતા હોઈએ કે બનાવવા માગતા હોઈએ તો એમને વધાવવા, એમનો ઉત્સાહ વધારવા ને એમના પરફૉર્મન્સ ટાણે તાળીઓ પાડવા અવશ્ય જવું જોઈએ એવું 'ગાંધીનગર સમાચાર' દ્રઢપણે માને છે ને એ ફરજ 'ગાંધીનગર સમાચાર' દ્વારા નિભાવવામાં આવી છે. ઉદ્‌ઘાટન સમારોહ ને બુધવારની રમતોની તસવીરો ખાસ 'ગાંધીનગર સમાચાર'ના સંવેદનશીલ વાચકો માટે પ્રસ્તુત કરીએ છીએ.
















## ડાયરેક્ટ ❤ સે

હું જે બોલું છું
એના માટે હું જવાબદાર છું
પણ તમે જે સમજો છો
તેના માટે નહીં

## જન્મદિને વધામણી



જીનલબા દેવેન્દ્રસિંહ ચુડાસમા
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦



આદિત્ય બારૈયા



દિલીપ આર રાવલ
જ્યોતિષી, વાસ્તુશાસ્ત્રી
મો. ૯૯૨૪૬ ૧૮૯૫૧

# કોયલ સાથે કોયલ જેવાં નથી થવાતું, ક્ષેમકુશળ ટહુકાના પૂછવા નથી જવાતું

## વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે યોજાયેલા 'સંવેદનાને સથવારે' કાવ્ય સંમેલનમાં રાજેશ વ્યાસ 'મિસ્કિન', શૈલેષ પંડ્યા, અનિલ ચાવડા, તેજસ દવે, કિશોર જીકાદરા, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, દિનેશ દેસાઈ વગેરે કવિઓએ પ્રકૃતિના સાંનિધ્યમાં એમની કવિતાઓનો મિજાજ દેખાડ્યો : પ્રકૃતિ કાવ્યોમાં સ્થાનિક કવિઓએ વિષયને પકડીને સુંદર કૃતિઓ પ્રસ્તુત કરી

હિંચકો છૂટ્ટો મૂકીને ઝૂલવું છે,
આપણે હાથે કરીને ભૂલવું છે

'નિખાલસ' કાવ્ય સંગ્રહના લેખક શૈલેષ પંડ્યા 'ભીનાશ'ની ગઝલોમાં એમની નિખાલસતા સ્પર્શી જાય એવી હોય છે. મલ્ટી ટૅલેન્ટેડ આ યુવા કવિ જીટીપીઍલમાં અનેક કાર્યક્રમો કરે છે, એમાં 'કાવ્યરસ' દ્વારા કવિઓની મુલાકાત લઈ લોકપ્રિય કાર્યક્રમ છે, એમણે આ મહેફિલની શરૂઆત કરાવી, એમનો અન્ય એક શેર -

બેસી શકો તો એક ભીની વાત હું કરું,
આ સૂર્ય પર પડદો કરીને રાત હું કરું.

ટૂંકી બહેરની ગઝલ લખવામાં નિષ્ણાત અને જેમના અનેક પુસ્તકો થયાં છે એવા દિનેશ દેસાઈ -

ફૂલો બનીને હું કદી છળ નહીં કરું,
કાંટા છુપાવી હાથમાં બળ નહીં કરું

કહેતાં સારા એવા ચાબખા માર્યા તો વાસ્તવિકતા જેવી બીજી ગઝલમાં એમણે મોજ કરાવી -

આવો ને ક્યારેક, એવું કહેવું
ને જાઓ ત્યારે ઘરે ના રહેવું
ભપકો ભારે, સાવ ખોટી જિંદગી
ઠન ઠન હોવું, બાદશાહી કહેવું

'અરમાન' અને 'ઉદગાર' એવા બે કાવ્યસંગ્રહ આપનાર ભરત કવિ 'ઊર્મિલ' દ્વારા ચારણ કન્યા ગીતના ઢાળમાં કાવ્યપ્રસ્તુતિ કરી હતી -

હો સમય તારો તો એ સરતાજ છે,
ઓ સમય તારાં બધાં મહોતાજ છે,
એટલો સંગાથ તું દેજે સમય,
જિંદગી જ્યાં લગ બીજાને કાજ છે.

આ કાર્યક્રમમાં જેમનાં બે પુસ્તકો 'પ્રકૃતિના પ્રહરી' અને 'ગુજરાતનાં જોવાલાયક પ્રકૃતિધામો'નું વિમોચન થયું એવા કવિ-લેખક નટવર હેડાઉ કે જેઓ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ છે, તેમના બે શેર -

પંખી તારો ટહુકાર કેમ સાંભળી શકું
હું તો બની બેઠો લાકડાંની ખુરશી
વનરાવનમાં ફરતાં કાનજી,
યમુના કાંઠે આવીયા,
જોઈ યમુનાનાં જળને,
બહુ આશ્ચર્ય પામીયા !

ગુજરાત માધ્યમિક શિક્ષણ બૉર્ડના ડૅપ્યુટી ચૅરમૅન રમેશ ઠક્કર એ મહેફિલના કવિ છે. વિદ્યાર્થીઓને સ્ટ્રેસ ફ્રી કરાવવા પણ તેઓ કવિતાનો સહારો લે છે, એમના બે શેર -

બોરડી બાવળ અને ગુલમહોર છે
પણ બધામાં લીમડો શિરમોર છે.
સ્પર્શ તારા ટળવળે છે ટેરવે
હાથ મારા આમ જોકે અંધ છે.

'ક્ષણોની મહેફિલ' કાવ્યસંગ્રહના લેખક અને સરદાર સરોવર નિગમમાં જીઍમ તરીકે કાર્યરત ડૉ. મુકેશ જોષીના બે શેર માણીએ -

છાંયડો બે ચાર કિલો
ક્યાંક જો દેખાય તો
ના કરો રકઝક કશી,
સોદો પતાવી લ્યો હવે !




એસીમાં બેસીને દોરી દઉં લીમડો
ને કોયલનો રિંગટોન રાખું,
ઍનીમેશનથી હું તો પાડું વરસાદ,
કેવાં જંગલ બનાવી નાંખું !

યુવા કવિ તેજસ દવે એટલે ગુજરાતી ભાષાના સંવર્ધન માટે ઘસાતો માણસ. આમ તો એમનાં ગીતો જોરદાર અને મહેફિલનું સંચાલન છટાદાર, પણ અહીં તેઓ માત્ર કવિ તરીકે ઉપસ્થિત રહ્યા ને પોતાની ગઝલ પેશ કરી, એના બે શેર -

બધું કર્યું પણ વધુ થયું નૈ
મારી ભીતર કશું થયું નૈ
ઈશ્વરની હાલત જોઈને
કોઈ ફરીથી ઈસુ થયું નૈ

કવિ અનિલ ચાવડા એટલે યુવા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કવિ. અત્યારના મુશાયરાના કવિઓમાં જે ચાર ચાસણી ચઢે એવા અને યુવાનોના પ્રિય કવિ. એમણે એમના આગવા મિજાજમાં પ્રસ્તુતિ કરી -

હા ખબર છે મેં જ તો કીધું હતું એને
સ્મરણ કોદાળી જેવાં હોય છે,
એ મને મારી જ પાસે દર વખત
ખોદાવશે એવી ખબર થોડી જ હોય!

ગાંધીનગરના ગૌરવ સમા અને ગુજરાતના ખ્યાતનામ સજજ ગઝલકારોમાં જેમની ગણના થાય છે એવા કિશોર જીકાદરાએ પ્રસ્તુતિ કરી

મોઢું બગાડીને, માફ કરો એમ કહી,
તડકાને બારણેથી કાઢ્યુ,
સૂરજ આવે તો એને ય ચોપડાવું,
તું કંઈ થોડો છે મારે સાઢુ ?

સાથે દમદાર શરૂઆત કરી એમની પ્રાણી-પક્ષીની અત્યંત પ્રખ્યાત ગઝલ પ્રસ્તુત કરીને, જેને લોકોએ જોરદાર તાળીઓથી વધાવી

હાલ ગળાના કેવા છે, મેં એવું પૂછ્યું, પોપટ બોલ્યો, તીખું મરચું નથી ખવાતું. પારેવાંને કહેજો વટથી ઘરમાં આવે, ભલે પધાર્યા સાવ અમસ્તું નથી કહાતું!

હમણાં જ જેમના 'મંત્રોચ્ચાર' પુસ્તકને શ્રેષ્ઠ કાવ્યસંગ્રહનો ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો છે એવા યુવા, ક્રાંતિકારી, લેખક-કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટે એમની આગવી શૈલીમાં લેખકોનો વારો પાડતું ગીત પ્રસ્તુત કર્યું -

સૌને સર્જક થવું છે,
આડાઅવળા જોડકણાં બે ચાર લખીને કવિ થયા તે સમજ્યા,
સંબંધોથી મુશાયરામાં મંચ ઉપર ચડી ગયા તે સમજ્યા,
શબ્દ સૂર સ્વર તાલ વિનાનો કોરો લઈને કંઠ સૌને ગાવું છે,
સૌને સર્જક થાવું છે.

અમદાવાદના કવિ હરિવદન ભટ્ટ જેઓ હિન્દી-ગુજરાતી બંને રચનાઓ લખે છે અને ગજબના વ્યંગકાર છે એમણે કમ્પ્યુટરની રચના સંભળાવી હતી.

રાજેશ વ્યાસ એટલે સાંપ્રત સમયના શ્રેષ્ઠ ગઝલકાર. એ પોતે ગઝલના વ્યાપ માટે 'ગઝલ વિશ્વ'ના સંપાદક થઈને સેવા કરે છે. 'છોડીને આવ તું' માટે એમને ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાત સાહિત્ય પરિષદ બંનેના ઍવોર્ડ મળ્યા છે. એમના આઠેક ગઝલ સંગ્રહ છે અને 'સમગ્ર મરીઝ' એમનું શ્રેષ્ઠ સંપાદન છે. એમના બે શેર -

અંદરથી અગન જેવું,
બહારથી પવન જેવું,
આ શું તે દઈ દીધું,
મિસ્કિનના મન જેવું !
એ આપે નહીં જરાય
એ ભાવ સમથિંગ છે,
તું હવે વાંકો પડી બોલાવ
એ સમથિંગ છે !

રાજેશ વ્યાસ સમારંભના મુખ્ય કવિ હતા અને એમને માટે સમયની કોઈ પાબંદી નહોતી પણ એમનો સમય આવ્યો ત્યારે જરાય સમય બચ્યો જ નહોતો !

આ કાર્યક્રમના સંચાલક કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ' હતા. એમની પાસે સર્જક અને સર્જકો માટે પુષ્કળ કહેવાનું હતું, એમના એ ઉત્સાહમાં કવિઓના ભાગે બબ્બે રચનાઓ આવી. એમના શેર -

અલકમલકની વાત થતી
ને ચાલ હતી નખરાળી,
ધૂળિયે મારગ કાલ જતાં
ત્યાં આજ સડક ભમરાળી !

આખોય કાર્યક્રમ ખૂબ સરસ હતો, માત્ર ચૌદ-પંદર કવિઓની જગ્યાએ અડધાં બોલાવવામાં આવે તો કવિઓને સમય અને પુરસ્કાર બંને બમણાં મળે અને શ્રોતાઓને કવિતાઓ મન ભરીને માણવા મળે !




## ગુજરાત બીએસએનએલ વૃક્ષારોપણમાં અવ્વલ



ગાંધીનગર, તા. ૭

પર્યાવરણ અને સમાજ તરફની પ્રતિબધ્ધતા દર્શાવતા આ વખતે ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસના બીએસએનએલે દરેક પરીમંડલમાં વૃક્ષો વાવવાનો સંકલ્પ લીધો હતો. આ સંકલ્પને પૂર્ણ કરતા બીએસએનએલ ગુજરાતે ૧૫૦૦ વૃક્ષો વાવીને બધા પરીમંડલોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ૫ જૂન ના ગુજરાત દુરસંચાર મહિલા સંગઠનના અધ્યક્ષા સંગીતા હોતાના માર્ગદર્શન હેઠળ ગુજરાતના વિભિન્ન સ્થળો તેમજ દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં પણ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ અવસર પર મોટાભાગે ફળ આપતા વૃક્ષો જેવાકે ચીકુ, બદામ, આંબો તેમજ લીમડો, ગુલમહોર જેવા વૃક્ષો વાવવામાં આવ્યા હતાં. રાષ્ટ્રીય સ્તર પર આ સમગ્ર કાર્યક્રમનું આયોજન **TWCO**ના અધ્યક્ષા તૃપ્તિ શ્રીવાસ્તવ દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાત પરીમાંડલની આ સિદ્ધિ પર ડો. પ્રદીપ કુમાર હોતાએ જણાવ્યુ કે ઔધ્યોગિક પ્રગતિ અને વિકાસ ની સાથે સાથે આપણી સૌની સામૂહિક જવાબદારી છે કે મનુષ્ય પ્રકૃતિ સાથે પણ જોડાયેલો રહે જેથી સમાજનો બહુમુખી અને સંપૂર્ણ વિકાસ થાય.